# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૯/ક્વા-૦૪/૨૦૧૮-૧૯/ 3691-2 તારીખ : 29-5-19

**રજી. એડી. પત્ર**

પ્રતિ,

જીકર મહમદ સીદીક પતાણી

એ-૧ પ્લાસ્ટિ, જી.આઈ.ડી.સી-૨, પ્લોટ નં-૧૫૦૬, દોલતપરા,

તા. : જુનાગઢ, જી. : જુનાગઢ,

મોબાઈલ : ૯૮૨૫૭ ૭૧૫૨૧

વિષય : ગ્રા નં-૩૦૯૦૧ / ૫૭૫૮૪ / ૪ માં ડીપોઝીટ ના તફાવત ની રકમ બાબત .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૦૮-૦૨-૨૦૧૯.

( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૬૯/ક્વા-૦૪/૨૦૧૮-૧૯ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગોજેરા )

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જુનાગઢ.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, જુનાગઢ શહેર.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, જીઆઇડીસી જુનાગઢ.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**


**પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૯/ક્વા-૪/૨૦૧૮-૧૯/** તા.

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૬૯/ક્વા-૪/૨૦૧૮-૧૯

અરજદાર: જીકર મહમદ સીદીક પતાણી ગામ: જુનાગઢ

રજૂઆત કરનાર: અરજદાર જીકર મહમદ સીદીક પતાણી હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – જુનાગઢ શહેર

રજૂઆત કરનાર: (૧) કાર્યપાલક ઇજનેર યુ. જી.વસાવા, વિભાગીય કચેરી – જુનાગઢ શહેર

(૨) એમ.જી.પરમાર - એસ.એ.(રેવ.) , વિભાગીય કચેરી – જુનાગઢ શહેર

(૩) એ.કે. સોલંકી (ડી.વાય.એસ.એ.) , જીઆઇડીસી પેટા વિભાગીય કચેરી – જુનાગઢ

## :: ફોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી - જુનાગઢ

તારીખ: ૧૪ -૦૫ -૧૯

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૪ -૦૫ -૧૯ ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર જીકર મહમદસીદીક પતાણી, ગામ:જુનાગઢ તેઓની અરજી ના નોંધણી નંબર : ૬૯/ક્વા-૦૪/૨૦૧૮-૧૯ મા જણાવે છે કે, તેઓનુ યુનીટ એવન પ્લાસ્ટીક ના નામથી ધરાવે છે, જેમા જીકર મહમદસીદીક પતાણીના નામનુ વીજજોડાણ ગ્રાહક નં.૩૦૯૦૧/૫૭૫૮૪/૪ થી ૭૪ કીવો નુ એલ.ટી.એમ.ડી વીજજોડાણ પ્લોટ નં.–૧૫૦૬, જી.આઈ.ડી.સી.–૨, દોલતપરા ખાતે ધરાવે છે. પીજીવીસીએલ દ્વારા તા. તા.૨૩–૦૧–૧૯ થી પીજીવીસીએલ દ્વારા તેઓના વીજજોડાણમાં વીજભાર વધારો કરવાનુ જણાવેલ – જો તેમા નિષ્ફળ રહીશુ તો – વીજભાર વધારો કરવાની કાર્યવાહી હાથ ધરવામા આવશે, અને જેની રકમ પછી ના વીજબીલમાં ઉઘરાવવામા આવશે, તેમ જણાવેલ. જે અન્વયે અરજદારે સદર બાબત તેઓને માનસીક અને આર્થિક રીતે પરેશાન કરવાનુ કૃત્ય લાગતુ હોય – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે,. પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અરજદાર જુનાગઢ શહેરી વિભાગીય કચેરી હેઠળના જીઆઇડીસી પેટા વિભાગીય કચેરી ના કાર્યક્ષેત્ર હેઠળ શ્રી જીકાર મહમદ સીદીક પતાણી ગ્રાહક નં ૩૦૯૦૧-૫૭૫૮૪-૪ LTMD કેટેગરીનુ ૭૪ કીલોવોટ નુ 3Phase તા.૦૧.૧૧.૨૦૦૭ ના કનેકશન આપવમા આવેલ.

૩.૧ સદર વિજજોડાણ નો લેજર રેકર્ડ ૧૪૫ જોતા નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં કુલ ૧૧(અગીયાર) વખત વર્ષ ૨૦૧૭-૧૮ માં ૦૫ (પાંચ) વખત તથા ચાલુ વર્ષ ૨૦૧૮-૧૯ માં ૮ (આંઠ) વખત કરારિત વીજભાર કરતા વધુ વિજભાર વપરાશ માં લીધેલ છે. જે રેકર્ડ ઉપરથી ગ્રાહકને તેમના એકમના વિજ વપરાશ ના લોડની માંગ મુજબ લોડ વધારો માંગી લેવા GERC નિયમોનુસાર નોટીસ આપેલ. તેમ છતા ગ્રાહક દ્રારા વિજભાર વધારાની અરજી કરેલ નથી. અથવા તો તેમના બીલ મુજબના કરારિત વિજભાર મુજબ તેમનો વિજ વપરાશ સમતોલ રાખવા પ્રયત્ન કરવામા આવેલ નથી જે નીચેના ડેટા પરથી જાણી શકાય છે.

| Sr.No | MONTH | CONTRACT_DEMAND | CONTRACT_DEMAND + 5% | ACTUAL_DEMAND |
|---|---|---|---|---|
| | FY-2016/17 | | | |
| 1 | Mar-16 | 61 | 64.05 | 71.00 |
| 2 | Apr-16 | 61 | 64.05 | 77.00 |
| 3 | May-16 | 61 | 64.05 | 72.00 |
| 4 | Jun-16 | 61 | 64.05 | 77.00 |
| 5 | Aug-16 | 61 | 64.05 | 73.00 |
| 6 | Oct-16 | 61 | 64.05 | 67.00 |
| 7 | Nov-16 | 61 | 64.05 | 68.00 |
| 8 | Dec-16 | 61 | 64.05 | 73.00 |
| 9 | Jan-17 | 61 | 64.05 | 72.00 |
| 10 | Feb-17 | 61 | 64.05 | 79.20 |
| 11 | Mar-17 | 61 | 64.05 | 78.00 |
| | FY-2017/18 | | | |
| 1 | Apr-17 | 61 | 64.05 | 78.00 |
| 2 | May-17 | 61 | 64.05 | 81.00 |
| 3 | Jun-17 | 74 | 77.7 | 83.60 |
| 4 | Jul-17 | 74 | 77.7 | 79.00 |
| 5 | Mar-18 | 74 | 77.7 | 85.10 |
| | FY-2018/19 | | | |
| 1 | Apr-18 | 74 | 77.7 | 80.80 |
| 2 | May-18 | 74 | 77.7 | 81.60 |
| 3 | Jun-18 | 74 | 77.7 | 82.40 |
| 4 | Jul-18 | 74 | 77.7 | 78.00 |
| 5 | Nov-18 | 74 | 77.7 | 80.0 |
| 6 | Dec-18 | 74 | 77.7 | 78.00 |
| 7 | Jan-19 | 74 | 77.7 | 87.30 |
| 8 | Feb-19 | 74 | 77.7 | 86.40 |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૩.૨ ઉપરોક્ત મુજબ વર્ષ ૨૦૧૮/૧૯ માટે મોકલવામાં આવેલ લોડવધારો માંગી લેવા અંગેની નોટીસ ની ગ્રાહક દ્વારા કોઇ કાર્યવાહી ન કરાતા,અત્રે થી સુઓમોટો પ્રોસીઝર દ્વારા આઉટવર્ડ નં.૧૩૮૯ તા.૩૦.૦૩.૨૦૧૯ ના ૭૪+૬=૮૦ કી.વો.લોડ વધારો કરવા અંગેનું રૂા.૩૦૮૫૩.૦૦ ભાવપત્રક અત્રે થી મોકલવામાં આવેલ,જે ગ્રાહક દ્વારા ભરપાઇ કરવા કે લોડવધારો કરવા અંગે કોઇ દરકાર દાખવેલ નથી.

૩.૩ સદર વિજજોડાણના નીચે મુજબના નાણાકીય વર્ષ ના અંતે ખરેખર વપરાશ મુજબ ની સીકયોરીટી ડિપોઝીટ (રીકવરી પાત્ર SD ની રકમ) જોતા સદર ગ્રાહક કરારિત વિજભાર કરતા વધુ વિજવપરાશ વધુ વિજભાર લે છે. જે નીચે મુજબના ૯૯૪ PRT રેકર્ડ ની ખરાઇ કરતા રીકવરીપાત્ર સિકયોરીટી ડીપોઝીટ ની રકમ પણ GERC નિયમોનુસાર આપતા આજદિન સુધી SD ની રકમ ભરપાઇ કરેલ નથી.

૩.૪ ગ્રાહકની રજૂઆત તા. ૦૮.૦૨.૨૦૧૯ મુજબ ગ્રાહકે ડીસે ૨૦૧૫ સુધી કરારીત વિજભાર મુજબ ગ્રાહકે બીલીંગ લોડ મેઇન્ટન કરેલ છે. પરંતુ જાન્યુ ૨૦૧૬ થી આજદિન સુધી કરારીત વિજભાર કરતા સતત વધુ લોડ વપરાશ કરેલ છે. તેમ છતાં લોડ વધારો માંગેલ નથી.

૩.૫ નાણાકિય વર્ષ ૨૦૧૬/૧૭ થી ગ્રાહકે પોતાનો માંગેલ વિજભાર કરતા વધુ વિજભાર થી વિજવપરાસ કરેલ છે તેવું ઉપર મુજબ થી જાણી શકાય છે.

| SRNO | Financial Year | Old SD Amt | New SD Amt | Recoverable SD Amt |
|---|---|---|---|---|
| 1 | 2011-2012 | 111350 | 187373 | 76023 |
| 2 | 2012-2013 | 111350 | 179157 | 67807 |
| 3 | 2013-2014 | 112220 | 143798 | 31578 |
| 4 | 2014-2015 | 112220 | 227957 | 115737 |
| 5 | 2015-2016 | 112220 | 235545 | 123325 |
| 6 | 2016-2017 | 112220 | 230582 | 118362 |
| 7 | 2017-2018 | 224663 | 231661 | 6998 |
| 8 | 2018-2019 | 224663 | | |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૩.૬ ઉપરોક્ત તમામ નાણાકીય વર્ષો નો અભ્યાસ કરતા ગ્રાહકે ભરવાપાત્ર સીક્યોરીટી ડિપોઝીટ તથા તેમના લોડવપરાશ મુજબ લોડવધારો આજદિન સુધી કરેલ નથી. તથા કરવાની દરકાર સુધ્ધા લીધેલ નથી. જે બાબતો નિયમોને આધિન છે. તેને આવી રીતે નાહક ખોટી અરજીઓ કરવામા આવે છે. જેથી કંપનીના સમય/નાણા અને માનવ કલાકો નો વ્યર્થ વ્યય થયેલ/થાય છે.

## :: હુકમ ::

**૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.**

**૪.૧ પેરા નં ૨.૦ પેરા નં ૩.૦ થી ૩.૬ અન્વયે -** સદર જોડાણ જીકર મહમદસીદીક પતાણી ના નામે ગ્રાહક નં ૩૦૯૦૧/૫૭૫૮૪/૪ LTMD કેટેગરીનુ ૭૪ કીવો નુ એલ.ટી.એમ.ડી વીજજોડાણ પ્લોટ નં.–૧૫૦૬, જી.આઈ.ડી.સી. –૨, દોલતપરા ખાતે ધરાવે છે. ધરાવે છે.

૪.૨ અરજદાર જીકર મહમદસીદીક પતાણી દ્વારા રજુ કરાયેલ નિયત ભાવપત્રક નં –૦૦૧૯૭૧ તા. ૦૬–૦૯–૦૭ મુજબ – અરજદાર ના ૪૦ હોપા ના વીજજોડાણ માટે નીચે મુજબ ના ચાર્જ વસુલ કરાયેલ છે.

(૧) ફીક્સચાર્જ રૂ.૪,૦૦૦/–
(૨) એગ્રીમેન્ટ ચાર્જ રૂ.૧૦૦/–
(૩) સીક્યોરીટી ડિપોઝીટ રૂ.૨૮,૩૪૦/–

એમ કુલ ૩૨,૪૪૦/–નુ ભાવપત્રક અપાયેલ છે. જે અરજદાર દ્વારા તા.૧૦–૦૯–૦૭ ના રોજ ભરપાઈ કરેલ છે. ત્યારબાદ, અરજદાર દ્વારા ત તેઓના હૈયાત ૪૦ હોપા ના વીજજોડાણમાં – ૪૦ હોપા ના વીજભાર વધારા ની અરજી અન્વયે ભાવપત્રક નં –૦૦૧૯૯૪ તા. ૦૯–૧૦–૦૭ મુજબ – કુલ રકમ રૂ.૧,૧૫,૦૩૫/– જેમા તફાવતની ડિપોઝીટ ની રકમ રૂ.૮૩,૦૧૦/– મુજબ ભાવપત્રક અપાયેલ છે. જે અરજદાર દ્વારા તા.૨૨–૦૧–૦૭ ના રોજ ભરપાઈ કરેલ છે.

૪.૩ સદર વીજજોડાણમાં કરારીત વીજભાર થી વધુ વીજભાર બાબતે – અરજદાર ને તા.૩૦–૦૧–૧૭ ના રોજ નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૯૫ ના અનુસંધાને નોટીસ અપાયેલ. જે અનુસંધાને – અરજદારને ૬૧ KW માથી ૭૪ KW મુજબના વીજભાર અન્વયે – નિયત ભાવપત્રક અરજદાર શ્રી જીકર મહમદસીદીક પતાણી ને તા.૦૩–૦૩–૧૭ થી અપાયેલ, જેમા નીચે મુજબના ચાર્જીસ દર્શાવેલ છે.

(૧) ફીક્સચાર્જ રૂ.૧૪,૩૦૦/–
(૨) એગ્રીમેન્ટ ચાર્જ રૂ.૧૦૦/–
(૩) સીક્યોરીટી ડિપોઝીટ રૂ.૧,૧૨,૪૪૩/–

એમ કુલ રૂ.૧,૨૬,૮૪૩/– ભાવપત્રક અપાયેલ છે. જે અરજદાર દ્વારા તા.૨૪–૦૪–૧૭ થી ભરપાઈ કરેલ છે.

૪.૪ સદર કેઈસ મા– ઉપરોક્ત , મુદદા નં. ૩.૧ મુજબ નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯ દરમ્યાન માહે એપ્રીલ – ૧૮ થી માહે માહે ફેબ્રુઆરી–૧૯ સુધીમાં ૦૮ વખત ( નિયમાધીન રીતે ૦૪ કે તેથી વધુ વખત ) કોન્ટ્રાક્ટ વીજભાર કરતા વધુ વીજભાર નોંધાયેલ છે. જેની જાણકારી અન્વયે – અરજદાર ને નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે

નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં.૪.૯૫ મા કરાયેલ જોગવાઈ મુજબ પીજીવીસીએલ ની સબંધક કચેરી ના પત્ર નં. – જીઆઈડીસી/ બીલીંગ – વીજભાર / ૩૫૬ તા.૨૩–૦૧–૧૯ થી વિગતવાર નોટીસ આપેલ છે, તે મુજબ હૈયાત કરારીત વીજભાર ૭૪ KW મા માંગવા પાત્ર થતો વીજભાર વધારો ૬ KW ઉમેરતા કુલ ૮૦ KW મુજબ વીજભાર વધારા ની કાર્યવાહી કરવા જણાવેલ – અન્યથા કંપની ના નિયમ મુજબ આગળ ની કાર્યવાહી કરવાની જાણકારી આપવામા આવેલ હતી. જે બાબત નિયમાધીન છે. ત્યારબાદ, અરજદાર દ્વારા કોઈ કાર્યવાહી ન થતા, સામેવાળા દ્વારા અરજદાર શ્રી જીકર મહમદસીદીક પતાણી દ્વારા રજુ કરાયેલ નિયત ભાવપત્રક નાએસ આર નં –૧૧૭૮૭૦૩૭ તા. ૩૦–૦૩–૧૯ અપાયેલ છે. તે મુજબ નીચે મુજબ ના ચાર્જીસ દર્શાવેલ છે.

(૧) ફીકસચાર્જ રૂ.૬,૬૦૦/–
(૨) એગ્રીમેન્ટ ચાર્જ રૂ.૧૦૦/–
(૩) સીકયોરીટી ડિપોઝીટ રૂ.૨૪,૧૫૩/–

એમ કુલ ૩૦,૮૫૩/–નુ ભાવપત્રક અપાયેલ છે.

**૪.૫ ઉપરોક્ત મુદ્દા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતે – નામદાર GERC ના સપ્લાય કોડ નોટીફીકેશન નં ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં ૪.૯૫ નીચે મુજબ છે :-**

“In case of HT, EHT and Demand Based LT connections, if the maximum demand was recorded to be in excess of contract demand by 5% or more for at least four times during last financial year, the licensee shall issue a 30-day notice to the consumer for submitting an application form for enhancement of load. If there is no response from the consumer by the end of the notice period, the licensee shall start the procedure for enhancing the consumer's contract demand to the average of four recordings of maximum demand shown by the consumer's MDI meter in the last financial year. In such case, the consumer shall be liable to pay all applicable charges as per provisions of this Code for regularization of the enhanced demand. The enhanced demand will be considered as revised contact demand on receipt of such charges and all provisions of agreement shall be applicable to such consumers for revised contract demand....”

૪.૬ વધુમાં ઉપરોક્ત બાબતે – જીયુવીએનએલ ના પત્ર નંબર: જીયુવીએનએલ/જીએમ(કોમ)/૧૨૯૦, તા.૨૭–૧૨–૧૮ મા કરાયેલ જોગવાઈ મુજબ '' ...... In view of above, it is to state that in the cases where DISCOMs have initiated actions for review of contract demand as per GERC supply code, the adequacy of security deposit may be assessed considering (i) demand charges: as per reviewed contract demand and (ii) energy charge as per highest monthly consumption recorded during previous year instead of levy of security deposit based on normative consumption parameters. The shortfall in security deposit, if any worked out based on above may be included in the estimates for load extension instead of levy of the same on normative basis ......''

૪.૭ નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં.૪.૯૫ મા કરાયેલ જોગવાઈ અન્વયે – અરજદારે તેઓના સદર વીજજોડાણમાં વધુ ડિમાન્ડ નો વીજવપરાશ કરેલ છે, જે અન્વયે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ભાવપત્રક અપાયેલ છે. જેમાં ઉપરોક્ત મુદ્દા નં. ૪.૬ મુજબ ની વિગતે લેવા પાત્ર સીક્યોરીટી ડિપોઝીટ ની રકમ ની ગણતરી કરીને રીવાઇઝ ભાવપત્રક આપવાની નિયમાધીન કાર્યવાહી દિન–૧૦ માં કરવા પીજીવીસીએલને સુચના આપવામા આવે છે, જે ભાવપત્રક અરજદારે નિયમાધીન ભરપાઈ કરવાનુ રહેશે. સદર કેઈસ મા, અરજદાર ની મુદ્દા નં. ૨.૦ મુજબ ની વિગતેની રજુઆત મુજબ સુઓમોટો હેઠળ અપાયેલ ભાવપત્રક રદબાતલ કરવાની અરજી ગ્રાહ્ય રાખવામા આવતી નથી. તે બાબતે ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે.

૪.૮ અરજદાર ની ફરીયાદ નો આ તબક્કે નિકાલ કરવામા આવે છે

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
કા.વા.ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩0 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot



69-Q4-18-19